નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ગાંધીનગર હેઠળની હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/0542/A Section

સચિવાલય, ગાંધીનગર

તા:૨૧/૦૪/૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૦/૦૬/૨૦૨૪ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૩૧/૦૧/૨૦૨૫ નો પત્રાંક: DDCW/Admin./e-file/225/2023/0082/Admin.

આમુખ: -

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની કુલ ૧૧૧૬ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થનાર હોઇ, નિયામકશ્રી વિકસતીજાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના પત્રથી વિવિધ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની (૧) પત્રક ૧ મુજબની (ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ) ૧૦૬૭ જગ્યાઓ (૨) પત્રક ૨ મુજબની (ભરતી કેલેન્ડરમાં સમાવેશ ન થયેલ જગ્યાઓ) ૨૧૮ જગ્યાઓ અને (3) પત્રક- 3 મુજબની (કેડર પોસ્ટની) ૧૧ જગ્યાઓ એમ કુલ ૧૨૯૬ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૬ સુધી નીચે મુજબની શરતોને આધીન ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સંબંધિત નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(3) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) રદ થયેલ જગ્યાઓ પર કોઈ પણ નિમણૂંક આપી શકાશે નહી. આ જગ્યાઓ માટે નવેસરથી દરખાસ્ત કરવાની રહેશે.

(૬) અબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાઓ પર નિમણૂંક આપતા પહેલા નાણા વિભાગની પૂર્વમંજૂરીથી અબેયન્સમુક્ત કરાવવાની રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યોઓના પગાર-ધોરણો R.O.P.- 2016 પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા:૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ અનુસાર રાજ્ય સરકાર દ્વારા તા:૦૧/૦૪/૨૦૦૫ થી લાગુ પાડવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) નાણા વિભાગના તા:૨૬/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:FD/ZMR/E-FILE/4/2023/0336/Z-1 અને તા:૨૬/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:FD/ZMR/E-FILE/4/2022/2282/Z-1ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ઉક્ત મૂદ્દત પૂર્ણ થતા પહેલા સદર હંગામી જગ્યાઓની ચાલું રાખવા ૦૩ માસ અગાઉ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા:૧૬/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u>:

- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,  સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- અકાઉન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ

- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...

- સિલેક્ટ ફાઇલ– ૨૦૨૫

## પત્રક – ૧

ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ સંવર્ગોની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ૩ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૮૩ | ૦૨ | ૮૧ | ૧૭ | ૬૪ | ૬૪ | ૦૦ | ૦૦ |
| ૨ | આચાર્ય (વર્ગ-૨) | ૩૩ | ૦ | ૩૩ | ૧૬ | ૧૭ | ૧૫ | ૦૦ | ૦૨ |
| ૩ | સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) | ૩૫૫ | ૨૧ | ૩૩૪ | ૪૨ | ૨૯૨ | ૨૪૪ | ૦૯ | ૩૯ |
| ૪ | સિનીયર ક્લાર્ક (વર્ગ-૩) | ૭૬ | ૪૬ | ૩૦ | ૧૬ | ૧૪ | ૧૪ | ૦૦ | ૦૦ |
| ૫ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૭૦ | ૩૨ | ૧૩૮ | ૩૭ | ૧૦૧ | ૮૪ | ૦૩ | ૧૪ |
| ૯ | મદદનીશ શિક્ષક (મા.શિ.) | ૨૨૦ | ૦૦ | ૨૨૦ | ૭૦ | ૧૫૦ | ૪૯ | ૩૭ | ૬૪ |
| ૧૦ | મદદનીશ શિક્ષક (ઉ.મા.શિ.) | ૨૩૧ | ૦૦ | ૨૩૧ | ૦૦ | ૨૩૧ | ૦૦ | ૦૫ | ૨૨૬ |
| | કુલ | ૧૧૬૮ | ૧૦૧ | ૧૦૬૭ | ૧૯૮ | ૮૬૯ | ૪૭૦ | ૫૪ | ૩૪૫ |

<u>પત્રક -૧ ની સ્પષ્ટતા</u>:-

(૧) સમાજ કલ્યાણ અધિકારી સંવર્ગની ઉક્ત જગ્યાઓમાં નીચે મુજબની કેડર પોસ્ટનો સમાવેશ થાય છે.

| ક્રમ | નિગમ / આયોગ/ છાત્રાલયનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૨. | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |



eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)

| | | |
|---|---|---|
| ૩. | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૪. | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૫. | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૬. | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૪ |
| ૭. | ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર | ૦૧ |
| ૮. | સમરસ કુમાર છાત્રાલય, રાજકોટ | ૦૧ |
| ૯. | સમરસ કન્યા છાત્રાલય, રાજકોટ | ૦૧ |
| ૧૦. | સમરસ કુમાર છાત્રાલય, ભાવનગર | ૦૧ |
| ૧૧. | સમરસ કન્યા છાત્રાલય, ભાવનગર | ૦૧ |

(૨) સમાજ કલ્યાણ નિરીક્ષક સંવર્ગની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરની ૦૧ ડાઉનગ્રેડ થયેલ જગ્યા ઉમેરતા ૩૫૫ જગ્યાઓ થાય છે જેમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ૦૬ કેડર પોસ્ટનો સમાવેશ થાય છે.

(૩) સીનીયર ક્લાર્ક સંવર્ગની જગ્યાઓમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરની ૦૨ કેડર પોસ્ટનો સમાવેશ થાય છે.

(૪) જુનીયર ક્લાર્ક સંવર્ગની જગ્યાઓમાં નીચે મુજબની કેડર પોસ્ટનો સમાવેશ થાય છે.

| ક્રમ | નિગમ / છાત્રાલયનું નામ | જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૦૩ |
| ૨. | સમરસ કુમાર છાત્રાલય, રાજકોટ | ૦૧ |
| ૩. | સમરસ કન્યા છાત્રાલય, રાજકોટ | ૦૧ |
| ૪. | સમરસ કુમાર છાત્રાલય, ભાવનગર | ૦૧ |
| ૫. | સમરસ કન્યા છાત્રાલય, ભાવનગર | ૦૧ |
| ૬. | સમરસ કુમાર અને કન્યા છાત્રાલય, જામનગર | ૦૧ |
| ૭. | સમરસ કુમાર અને કન્યા છાત્રાલય, કચ્છ-ભુજ | ૦૧ |
| ૮. | સમરસ છાત્રાલય, ગાંધીનગર | ૦૧ |

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)

## પત્રક-૨

### ભરતી કેલેન્ડરમાં સમાવેશ ન થયેલ સંવર્ગોની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ૩ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | સંયુક્ત નિયામક (વર્ગ-૧) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨. | નાયબ નિયામક (વર્ગ-૧) | ૨૦ | ૦૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૦૦ | ૦૦ |
| ૩. | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૧૮૨ | ૦૫ | ૧૭૭ | ૧૧૭ | ૬૦ | ૬૦ | ૦૦ | ૦૦ |
| ૪. | સિવણ સંચાલિકા (વર્ગ-૩) | ૨૦ | ૦૦ | ૨૦ | ૦૬ | ૧૪ | ૦૦ | ૦૩ | ૧૧ |
| ૫. | કાયદા અધિકારી (કરાર આધારિત) (વર્ગ-૨) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬. | ડ્રાયવર (વર્ગ-૩) | ૨૫ | ૧૮ | ૦૭ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭. | પટાવાળા (વર્ગ-૪) | ૩૩ | ૩૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮. | રસોયા (વર્ગ-૪) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |



eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯. | રસોડા કામદાર (વર્ગ-૪) | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦. | હમાલ (વર્ગ-૪) | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧. | સફાઇ કામદાર (વર્ગ-૪) | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૨. | ચોકીદાર (વર્ગ-૪) | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૨૯૫ | ૬૧ | ૨૩૪ | ૧૪૮ | ૮૬ | ૭૨ | ૦૩ | ૧૧ |

<u>પત્રક-૨ની સ્પષ્ટતા</u>:-

(૧) નાયબ નિયામકની સંવર્ગની જગ્યાઓમાં નીચે મુજબની કેડર પોસ્ટનો સમાવેશ થાય છે.

| <u>ક્રમ</u> | <u>નિગમનું નામ</u> | <u>જગ્યાઓની સંખ્યા</u> |
|---|---|---|
| ૧. | મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૨. | મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૩. | નાયબ નિયામક, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૨ |

(૨) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી સંવર્ગની ૧૮૩ જગ્યાઓ માંથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરની ૦૧ ડાઉનગ્રેડ થયેલ જગ્યા બાદ કરતા ૧૮૨ જગ્યાઓમાં નીચે મુજબની કેડર પોસ્ટનો સમાવેશ થાય છે.

| <u>ક્રમ</u> | <u>નિગમ / આયોગ/ છાત્રાલયનું નામ</u> | <u>જગ્યાની સંખ્યા</u> |
|---|---|---|
| ૧. | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૨. | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૩. | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૧ |
| ૪. | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર | ૦૬ |
| ૫. | સમરસ કુમાર છાત્રાલય, રાજકોટ | ૦૧ |
| ૬. | સમરસ કન્યા છાત્રાલય, રાજકોટ | ૦૧ |
| ૭. | સમરસ કુમાર છાત્રાલય, ભાવનગર | ૦૧ |
| ૮. | સમરસ કન્યા છાત્રાલય, ભાવનગર | ૦૧ |
| ૯. | સમરસ કુમાર અને કન્યા છાત્રાલય, જામનગર | ૦૧ |
| ૧૦. | સમરસ છાત્રાલય, ગાંધીનગર | ૦૧ |



Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)

(૩) સિવણ સંચાલિકા સંવર્ગની ૫ વર્ષ ઉપરની ખાલી ૧૧ જગ્યાઓ રદ કરવામાં આવે છે તેમજ ૩ થી ૫ વર્ષ સુધીની ખાલી ૦૩ જગ્યાઓ અબેયન્સમાં મૂકવામાં આવે છે.

(૪) રસોડા કામદારની ૦૧ અને સફાઇ કામદારની ૦૧ જગ્યા વય નિવૃત્તિને કારણે ખાલી પડેલ હોઇ સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧/૦૪/૧૦ના ઠરાવ મુજબ આ ૦૨ જગ્યાઓ રદ કરવામાં આવે છે.

આમ, ઉક્ત પત્રક - ૨ ની ૨૩૪ હંગામી પૈકીની ૧૩ જગ્યાઓ રદ થતા અને ૦૩ જગ્યાઓ અબેયન્સમાં જતા ૨૧૮ જગ્યાઓ ચાલુ રાખવામાં આવે છે.

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)

## પત્રક-૩

કેડર પોસ્ટની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ત્રણ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | નિયામક (વર્ગ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | હિસાબી અધિકારી (વર્ગ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | સ્ટેનો ગ્રેડ-૧ (વર્ગ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૨ (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | સીનીયર ઓડીટર(વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ડેપ્યુટી ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | સંશોધન મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ |
| | કુલ | ૧૧ | ૦૦ | ૧૧ | ૦૭ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૧ |

આંકડા મદદનીશ સંવર્ગની જગ્યાનો ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવેશ કરેલ હોવાથી નાણા વિભાગના તા:૨૭/૦૬/૨૩ના ઠરાવની જોગવાઇ અનુસાર ચાલું રાખવામાં આવે છે.

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Apr-2025 (06:23 PM)